EDI

Divya Bhaskar

April 22, 2010
Page No. 1
(City Bhaskar)

# કઝાકિસ્તાનને મેનેજમેન્ટ શિખવાડશે અમદાવાદ

**ગોઇંગ ગ્લોબલ** **વિદેશથી વીસ પ્રોફેસરો મેનેજમેન્ટની ટ્રેનિંગ લેવા માટે આવશે**

## ઇડીઆઇ અમદાવાદના મેનેજમેન્ટ એક્સપર્ટ કઝાકિસ્તાન અને ઉઝબેકિસ્તાનના નાગરિકોને ઉદ્યોગ સાહસિક બનાવશે

**કુલદીપસિંઘ કલેર »**

અમદાવાદી વેપાર સૂઝનો લાભ હવે અન્ય દેશોને પણ મળશે કેમકે કઝાકિસ્તાન અને ઉઝબેકિસ્તાને પોતાના નાગરિકોને ઉદ્યોગ સાહસિકતાનું પ્રોત્સાહન આપવા માટે અમદાવાદની એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ (ઈ ડી આઈ) અને મેનેજમેન્ટ એક્સપર્ટ્સની પસંદગી કરી છે. ઈડીઆઇ, અમદાવાદે કઝાકિસ્તાન અને ઉઝબેકિસ્તાનમાં ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી છે જેની શરૂઆત આવતા મહિનાથી થશે. વાસ્તવમાં ઈડીઆઈની આ પ્રથમ સફળતા નથી, અગાઉ કમ્બોડિયા, લાઓસ, વિયેતનામ અને મ્યાંમારમાં ઉદ્યોગ સાહસિકોને તૈયાર કર્યા પછી અમદાવાદના મેનેજમેન્ટ એક્સપર્ટ હવે કઝાકિસ્તાન અને ઉઝબેકિસ્તાનના નાગરિકોને ઉદ્યોગ સાહસિક બનાવશે.

### ૨૦ વિદેશી પ્રોફેસરો અમદાવાદ આવશે

ઉદ્યોગ સાહસિકતાની બાબતમાં ઉઝબેકિસ્તાનના નાગરિકો જ નહીં ત્યાંના પ્રોફેસરો પણ ઓછું જ્ઞાન ધરાવે છે તેથી કઝાકિસ્તાન અને ઉઝબેકિસ્તાનના નાગરિકો અને વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસિકતાની ટ્રેનિંગ આપતા પહેલાં ત્યાંના ૨૦ પ્રોફેસરોને અમદાવાદ બોલાવીને મેનેજમેન્ટ ટ્રેનિંગ આપવામાં આવશે તેમ જણાવી ઈડીઆઇ અમદાવાદના ડિરેક્ટર દિનેશ અવસ્થીએ ઉમેર્યુ હતું કે, ટ્રેનિંગ મેળવીને ૨૦ વિદેશી પ્રોફેસરો અમદાવાદના બે પ્રોફેસરો સાથે સ્વદેશ જઇ ઉદ્યોગ સાહસિકતાને પ્રમોટ કરશે. કઝાકી અને ઉઝબેકી નાગરિકોને અરબી ભાષા ઉપરાંત કોઇ ભાષા નથી આવડતી જે અમારા માટે પડકાર છે.

### સમૃદ્ધિનો માર્ગ બતાવશે અમદાવાદ

કોઇ પણ શહેર, રાજ્ય કે દેશની પ્રગતિ અને સમૃદ્ધિ ત્યાંના ઉદ્યોગસાહસિકો પર આધાર રાખે છે. આ વાત કઝાકિસ્તાન અને ઉઝબેકિસ્તાન જેવા પછાત દેશોને પણ હવે સમજાઇ ગઇ છે. ઉદ્યોગ સાહસિકતાને પ્રમોટ કરી આતંકવાદ, ગરીબી અને પછાત પણાથી બહાર આવવા માટે ગરીબ દેશોએ અમદાવાદનો સહારો લીધો છે.

